ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી.

# GPSC વર્ગ ૧, ૨ પ્રિલિમ, ૨૦૦૧ (૨૬ ઓગસ્ટ ૨૦૦૧)

## પ્રશ્નપત્ર ૧ - જનરલ સ્ટડીઝ

૧. સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ કયો?

(૧) બુધ (૨) મંગળ (૩) <u>ગુરુ</u> (૪) શુક્ર

૨. ક્યારે સૂર્ય અને ચંદ્ર બરાબર સામસામે હોય છે?

(૧) જન્માષ્ટમી (૨) અમાસ (૩) <u>પૂનમ</u> (૪) રામનવમી

૩. કયું સાધન વિમાનના ઉડ્ડયન દરમ્યાન કોકપીટની વાતચીતની નોંધ રાખે છે?

(૧) <u>બ્લેક બોક્સ</u> (૨) સ્પીડોમીટર (૩) એરોમીટર (૪) બેરોમીટર

૪. ભૂકંપનાં કંપનોની નોંધ કયું સાધન લે છે?

(૧) ટેલિગ્રાફ (૨) <u>સિસ્મોગ્રાફ</u> (૩) થર્મોગ્રાફ (૪) કાર્ડિયોગ્રામ

૫. આમાંનું કયું બ્લડ ગ્રુપ નથી?

(૧) A + (૨) B + (૩) <u>C +</u> (૪) A -

૬. અંધજનો વાંચી શકે તેવી લિપિ કોણે તૈયાર કરી?

(૧) એલેક્ઝાન્ડર બેલ (૨) <u>બ્રેઈલ લુઈઝ</u> (૩) એડિસન (૪) આઈઝેક પીટમેન

૭. આલ્બર્ટ આઈન્સ્ટાઈને શાની શોધ કરી?

(૧) શીતળાની રસી (૨) એટમ બોમ્બ

(૩) <u>સાપેક્ષતાવાદનો સિદ્ધાંત</u> (૪) ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત

૮. મેલેરિયામાં કઈ દવા વપરાય છે?

(૧) પેરાસિટામોલ (૨) એનાસિન (૩) <u>ક્વિનાઈન</u> (૪) પેનિસિલિન

૯. મેરીનો કયા પ્રાણીની ઓલાદ છે?

(૧) કૂતરો (૨) ઘોડો (૩) <u>ઘેટું</u> (૪) ગાય

૧૦. ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા કોણ?

(૧) ડો. સ્વામીનાથન (૨) ડો. મનમોહનસિંગ (૩) <u>ડો. કુરિયન</u> (૪) ડો. હોમી ભાભા

૧૧. એનીમિયા (પાંડુ રોગ) કયા તત્વના અભાવે થાય છે?

(૧) કેલ્શિયમ (૨) ખાંડ (૩) આયોડીન (૪) <u>લોહ</u>

૧૨. નાટ્યલેખક, નવલકથાકાર, કેન્દ્ર સરકારમાં મંત્રી અને રાજયના ગવર્નર. એવી વ્યકિત કઈ?

(૧) પદ્મજા નાયડુ (૨) નરસિંહરાવ (૩) રાજગોપાલાચારી (૪) <u>કનૈયાલાલ મુનશી</u>

૧૩. આ સ્થળ સાથે ગાંધીજી સંકળાયેલા નથી...

(૧) કીર્તિમંદિર (૨) હૃદયકુંજ (૩) ગુજરાત વિદ્યાપીઠ (૪) <u>અક્ષરધામ</u>

 તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

૧૪. આમાંથી કોને ગુજરાતના મુખ્યમંત્રી બીજી વખત બનવાનું સૌભાગ્ય સાંપડ્યું નથી?

(૧) બાબુભાઈ જે. પટેલ (૨) માધવસિંહ સોલંકી (૩) કેશુભાઈ પટેલ (૪) <u>અમરસિંહ ચૌધરી</u>

૧૫. પાટણમાં આવેલી 'રાણકી વાવ' કોણે બંધાવી?

(૧) <u>ઉદયમતી</u> (૨) મીનળદેવી (૩) દેવળદેવી (૪) ચૌલાદેવી

૧૬. બળવંતરાય મહેતાનું નામ શાની સાથે વિશેષ સંકળાયેલું છે?

(૧) દેશી રાજ્યોનું એકીકરણ (૨) ભાષાવાર પ્રાંત રચના

(૩) <u>પંચાયતી રાજ્ય</u> (૪) ભારતનું બંધારણ

૧૭. ગ્રામ પંચાયતે કઈ સમિતિ ફરજિયાત રીતે બનાવવાની હોય છે?

(૧) શિક્ષણ સમિતિ (૨) આરોગ્ય સમિતિ

(૩) કલ્યાણ સમિતિ (૪) <u>સામાજિક ન્યાય સમિતિ</u>

૧૮. 'શબ્દસૃષ્ટિ' કઈ સંસ્થાનું સામયિક છે?

(૧) ગુજરાત વિધાનસભા (૨) ગુજરાત સાહિત્ય સભા

(૩) <u>ગુજરાત સાહિત્ય અકાદમી</u> (૪) ગુજરાતી સાહિત્ય પરિષદ

૧૯. 'વેશ' સાથે કોનું નામ સંકળાયેલું છે?

(૧) <u>અસાઈત</u> (૨) ડો. બળવંત જાની (૩) જયશંકર સુંદરી (૪) ડો. નરેશ વેદ

૨૦. ગુજરાતના કયા મુખ્યમંત્રીનું હોદ્દા પર હતા ત્યારે વિમાની અકસ્માતમાં અવસાન થયું?

(૧) ડો. જીવરાજ મહેતા (૨) ચીમનભાઈ પટેલ

(૩) <u>બળવંતરાય મહેતા</u> (૪) હિતેન્દ્રભાઈ દેસાઈ

૨૧. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના ગ્રંથનું કયા રાજવીએ જાહેર સન્માન કર્યું હતું?

(૧) કુમારપાળ (૨) ભીમદેવ (૩) <u>સિદ્ધરાજ જયસિંહ</u> (૪) વનરાજ ચાવડા

૨૨. કયું નગર ચિનાઈ માટીનાં વાસણો, નળિયાં અને ઘડિયાળો માટે જાણીતું છે?

(૧) સુરત (૨) થાન (૩) <u>મોરબી</u> (૪) વાંકાનેર

૨૩. ગુજરાતી વિશ્વકોશમાં કોનું સતત અને આગવું પ્રદાન છે?

(૧) મનુભાઈ પંચોળી (૨) <u>ધીરૂભાઈ ઠાકર</u> (૩) યશવંત શુક્લ (૪) ડો.કેશુભાઈ દેસાઈ

૨૪. 'ઉચ્ચ શિક્ષણ : ચિંતા અને ચિંતન' પુસ્તકના લેખક કોણ?

(૧) ડો. દાઉદભાઈ ઘાંચી (૨) પ્રા. નિરંજન દવે

(૩) ડો. ચંદ્રકાન્ત મહેતા (૪) <u>ડો. ગુણવંત શાહ</u>

૨૫. આમાં નવું નામ કોને ન મળ્યું?

(૧) કલકત્તા (૨) મદ્રાસ (૩) <u>અમદાવાદ</u> (૪) બોમ્બે

૨૬. ઈ.સ. ૨૦૧૦માં ગુજરાત રાજ્યની સ્થાપનાનો કયો મહોત્સવ ઉજવાયો?

(૧) રજત (૨) <u>સુવર્ણ</u> (૩) હીરક (૪) આમાંનું એકેય નહિ

૨૭. પંડિત જવાહરલાલ પછી તરત જ કોણ વડાપ્રધાન બન્યા?

(૧) ઈન્દિરા ગાંધી (૨) મોરારજી દેસાઈ (૩) લાલબહાદુર શાસ્ત્રી (૪) ગુલઝારીલાલ નંદા

૨૮. 'અભય ઘાટ' કોની સમાધિ છે?

(૧) ચૌધરી ચરણસિંઘ (૨) ઈન્દિરા ગાંધી (૩) મોરારજી દેસાઈ (૪) રાજીવ ગાંધી

૨૯. આમાં પંડિત જવાહરલાલ નહેરુના સમકાલીન રાજપુરુષ કોણ ન હતા?

(૧) નાસર (૨) માર્શલ ટીટો (૩) જ્હોન કેનેડી (૪) ગોર્બાચોવ

૩૦. 'લજ્જા'ની લેખિકા કોણ છે?

(૧) શોભા ડે (૨) અરુંધતિ રોય (૩) તસલીમા નસરીન (૪) કિરણ બેદી

૩૧. 'સૂર્યપુત્ર' પુસ્તકમાં કેન્દ્ર સ્થાને કોણ છે?

(૧) કર્ણ (૨) યુધિષ્ઠિર

(૩) ચીમનભાઈ પટેલ (૪) આમાંનું એકેય નહિ

૩૨. ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર કોણ?

(૧) રવિશંકર મહારાજ (૨) રવિશંકર રાવળ (૩) પંડિત રવિશંકર (૪) શ્રી શ્રી રવિશંકર

૩૩. 'ચાઈના મેન' શબ્દ કઈ રમત સાથે સંબંધ ધરાવે છે?

(૧) ક્રિકેટ (૨) હોકી (૩) કુસ્તી (૪) ફૂટબોલ

૩૪. રાસ્કા વિયર યોજના કઈ નદીનું પાણી લાવે છે?

(૧) નર્મદા (૨) સાબરમતી (૩) તાપી (૪) મહી

૩૫. આમાં ભૂતપુર્વ અમેરિકન પ્રમુખ કોણ નથી?

(૧) બિલ ક્લિન્ટન (૨) બિલ ગેટ્સ (૩) જ્હોન કેનેડી (૪) આઇઝન હોવર

૩૬. ગુજરાત માટે ગોઝારો દિવસ?

(૧) ૨૬-૧-૨૦૦૧ (૨) ૩૧-૧૦-૧૯૮૩ (૩) ૨૭-૫-૧૯૬૪ (૪) ૩૦-૧-૧૯૪૮

૩૭. 'એનરોન પ્રોજેક્ટ' શાના અંગે છે?

(૧) વીજળી પાવર ઉત્પાદન (૨) ધરતીકંપ પછી પુનર્વસવાટ

(૩) અનાથ બાળકો (૪) નહેર યોજના

૩૮. કોમ્પ્યુટર ક્ષેત્રે આગવું પ્રદાન કોનું છે?

(૧) બિલ ગેટ્સ (૨) બિલ ક્લિન્ટન (૩) અબ્દુલ કલામ (૪) સ્વામીનાથન્

૩૯. ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રે મહત્વનું પ્રદાન કરનાર ગુજરાતના સ્વર્ગસ્થ પનોતા પુત્ર કોણ?

(૧) દિગંત મહેતા (૨) દિવાંત ઓઝા (૩) પિત્રોડા (૪) દેવાંગ મહેતા

૪૦. આમાં કોણ જુદા તરી આવે છે?

(૧) મીરાંબાઈ (૨) ચૈતન્ય મહાપ્રભુ (૩) નરસિંહ મહેતા (૪) આદિ શંકરાચાર્ય

૪૧. કોનો સમાવેશ સપ્તર્ષિમાં થતો નથી?

(૧) વશિષ્ઠ (૨) અંગીરસ (૩) પુલત્સ્ય (૪) <u>વિશ્વામિત્ર</u>

૪૨. ઉત્તર-દક્ષિણ દિશા નક્કી કરવામાં કોણ ઉપયોગી ન થાય?

(૧) સપ્તર્ષિ (૨) મંદિરમાં સ્થાપિત શિવલિંગ (૩) હોકાયંત્ર (૪) <u>આકાશમાં શનિ</u>

૪૩. 'પોખરણ' કોની યાદ અપાવે છે?

(૧) <u>અણુ પ્રયોગ</u> (૨) રોકેટ લોન્ચિંગ

(૩) ભારત-પાક યુદ્ધ (૪) જાન્યુઆરી ૨૦૦૧નો ભૂંકપ

૪૪. ભારતની છેલ્લામાં છેલ્લી મિસ યુનિવર્સ કોણ?

(૧) ઐશ્વર્યા રાય (૨) યુક્તા મુખી (૩) <u>લારા દત્તા</u> (૪) સુસ્મિતા સેન

૪૫. ચારા ગોટાળામાં આરોપી કોણ છે?

(૧) કલ્પનાથ મિશ્રા (૨) જગન્નાથ ચતુર્વેદી (૩) <u>લાલુપ્રસાદ યાદવ</u> (૪) રબડી દેવી

૪૬. રાજ્યના મુખ્યમંત્રી પદેથી સીધા ભારતના વડાપ્રધાન પદે કોણ આવ્યું?

(૧) મોરારજી દેસાઈ (૨) ચૌધરી ચરણસિંઘ (૩) <u>દેવેગૌડા</u> (૪) ચંદ્રશેખર

૪૭. તહલકા ડોટ કોમ શાના માટે જાણીતું થયું?

(૧) <u>સંરક્ષણ સોદામાં ભ્રષ્ટાચાર</u> (૨) શેરબજારમાં ગેરરીતિ

(૩) ક્રિકેટ મેચ ફિક્સિંગ (૪) વિમાન અપહરણ

૪૮. આમાંનું નવું રાજ્ય કયું?

(૧) <u>છત્તીસગઢ</u> (૨) તામિલનાડુ (૩) હરિયાણા (૪) હિમાચલ પ્રદેશ

૪૯. આમાં લબ્ધપ્રતિષ્ઠ હાસ્યકાર કોણ?

(૧) ઉમાશંકર જોષી (૨) હરીન્દ્ર દવે (૩) <u>વિનોદ ભટ્ટ</u> (૪) કુંદનિકા કાપડિયા

૫૦. 'લીલુડી ધરતી'ના લેખક કોણ?

(૧) પન્નાલાલ પટેલ (૨) પિતાંબર પટેલ (૩) રઘુવીર ચૌધરી (૪) <u>ચુનીલાલ મડિયા</u>

૫૧. આમાં કોણ બંધબેસતું નથી?

(૧) સુવર્ણ (૨) સોનુ (૩) કંચન (૪) <u>રુધિર</u>

૫૨. આમાં આંગળીથી નખ વેગળા જેવું કોણ?

(૧) <u>સોનિયા ગાંધી</u> (૨) પંડિત નહેરુ (૩) ઇન્દિરા ગાંધી (૪) વિજયાલક્ષ્મી પંડિત

૫૩. આમાં પતંગ-ભેદ કોણે કર્યો છે?

(૧) કાકા (૨) ભત્રીજો (૩) ફોઇ (૪) <u>વેવાઇ</u>

૫૪. કેન્દ્રમાં અગાઉ પ્રધાન બન્યા વગર વડાપ્રધાન કોણ બન્યું?

(૧) મોરારજી દેસાઈ (૨) ઈન્દિરા ગાંધી (૨) <u>રાજીવ ગાંધી</u> (૪) વી. પી. સિંહ

૫૫. આમાંનું કોણ એક હરોળમાં ન બેસી શકે?

(૧) હિતેન્દ્ર દેસાઇ (૨) ડો. જીવરાજ મહેતા (૩) બળવંતરાય મહેતા (૪) <u>પ્રબોધ રાવળ</u>

૫૬. કોણ જુદું પડે છે?

(૧) ખંડકાવ્ય (૨) સોનેટ (૩) ગરબો (૪) <u>નવલકથા</u>

૫૭. આમાં કયું નામ બંધબેસતું નથી?

(૧) આનંદમયી મા (૨) રંગ અવધૂત (૩) <u>મોરારી બાપુ</u> (૪) મુક્તાનંદ સ્વામી

૫૮. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષ પૈકી નવલકથાકાર કોણ?

(૧) જે. બી. શાંડિલ્ય (૨) ઇશ્વરભાઇ પટેલ (૩) ડો. કેશુભાઇ દેસાઇ (૪) <u>કોઇ નહિ</u>

૫૯. લબ્ધપ્રતિષ્ઠ નવલકથાકાર અને ચળવળખોર કોણ?

(૧) વિક્રમ શેઠ (૨) મેઘા પાટકર (૩) <u>અરુંધતિ રોય</u> (૪) પ્રિયા તેંડુલકર

૬૦. બાવન પત્તાના ગંજીફામાંથી કોઈ એક પત્તું ખેંચવામાં આવે છે. તે ખેંચાયેલું પત્તુ 'ચોકટ'નું હોવાની સંભાવના કેટલી?

(૧) <u>૨૫ ટકા</u> (૨) ૫૦ ટકા (૩) ૧૩ ટકા (૪) આમાંનું કશું નહિ

૬૧. દિલ્હીથી રાત્રે ૨૩.૫૦ (ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ) વાગે ઉપડેલું વિમાન ૮ કલાક પછી લંડન ઉતરે છે. ત્યારે ત્યાં (લંડન) કેટલા વાગ્યા હશે?

(૧) ૭.૫૦ મિનિટ (૨) ૧૫.૫૦ મિનિટ (૩) <u>૨.૨૦ મિનિટ</u> (૪) ૩.૩૦ મિનિટ

૬૨. બે આંકડાની એક સંખ્યામાંથી એકમ અને દશકના આંકડાઓની અદલાબદલી કરીને મળતી સંખ્યાને મૂળ સંખ્યામાંથી બાદ કરવામાં આવતાં ૩૬ મળે છે, તો મૂળ સંખ્યામાં દશકનો આંકડો એકમના આંકડાથી કેટલો હશે?

(૧) <u>ચાર જેટલો મોટો</u> (૨) સરખો (૩) ચાર જેટલો નાનો (૪) આમાંનું કશું નહિ

૬૩. આમાં હૃદય સાથે કઇ બાબત સંગત છે?

(૧) <u>ECG</u> (૨) BCG (૩) TB (૪) ડાયાલિસિસ

૬૪. CHOGM એટલે શું?

(૧) કોમન હોલીડે ઓન ગવર્નમેન્ટ મની (૨) <u>કોમનવેલ્થ હેડ્ઝ ઓફ ગવર્નમેન્ટ મીટીંગ</u>

(૩) ચેરમેન ઓર જનરલ મેનેજર (૪) આમાંનું કશું નહિ

૬૫. VRS શું છે?

(૧) વિડિયો રેકોર્ડિંગ સિસ્ટમ (૨) <u>વોલન્ટરી રિટાયરમેન્ટ સ્કીમ</u>

(૩) વેલ્યુ રજિસ્ટ્રેશન સ્કીમ (૪) આમાંનું કશું નહિ

૬૬. આમાંની કઈ બાબત ટપાલ ખાતા અંગેની છે?

(૧) <u>VPP</u> (૨) VIP (૩) VHP (૪) VVIP

૬૭. 'હોદાની રૂએ' એટલે?

(૧) P.A. (૨) EX-OFFICIO (૩) IN CHARGE (૪) આમાંનું એકેય નહિ

૬૮. 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ' પુસ્તક કોના વિશે છે?

(૧) મહાદેવભાઈ દેસાઈ (૨) મહાત્મા ગાંધી

(૩) પંડિત જવાહરલાલ નહેરુ (૪) સરદાર પટેલ

૬૯. (અ) એણે અરજી લખી ત્યારે રવિવાર ન હતો. (બ) ટપાલ આજે નીકળશે તેની ખાતરી કરીને તેણે અરજી ટપાલમાં નાખી. (ક) હનુમાનજીનાં દર્શન કરીને તે અરજીનું ફોર્મ લઇ આવ્યો હતો. (ડ) ટપાલમાં નાખ્યા પછી અરજી બીજે જ દિવસે સંસ્થાને મળી. ઉપરોક્ત માહિતીને આધારે કહો અરજી કયા વારે મળી હશે?

(૧) બુધ (૨) મંગળ (૩) સોમ (૪) કશું કહી શકાય નહિ

૭૦. મકાનના પંદરમા માળેથી નીચે ફેંકેલો સિક્કો જમીન પર ૧૨ સેકન્ડ પછી પડે છે. બપોરના ૩ કલાક ૫૯ મિનિટ અને ૫૨ સેકન્ડે તે જ માળેથી એક જાડું પુસ્તક ફેંકવામાં આવે છે. તે કેટલા વાગે જમીન પર પડશે?

(૧) ૪ કલાક ૧ મિનિટે (૨) ૪ કલાક ૦ મિનિટ ૪ સેકન્ડે

(૩) ૩ કલાક ૫૯ મિનિટ ૫૬ સેકન્ડે (૪) પુસ્તકનું વજન જાણ્યા વગર કહી શકાય નહિ

૭૧. કોઇ એક દિવસે અમેરિકાના ડેટ્રોઇટ શહેરમાં ગરમી દિલ્હી કરતાં ૨૦° સે. જેટલી ઓછી છે. જો ત્યારે દિલ્હીમાં તાપમાન ૧૫° સે. હોય તો, ડેટ્રોઇટમાં તાપમાન કેટલું હશે?

(૧) ૩૫° સે. (૨) ૫° સે. (૩) - ૫° સે. (૪) આમાંનું કશું નહિ

૭૨. તમે યાત્રાએ જવા ઉત્તર તરફ નીકળ્યા અને પછી જમણે ફંટાયા. ત્યાર બાદ આગળ ચાલીને ફરી જમણે ફંટાયા અને પછી થોડું આગળ ચાલીને ઊંધી દિશામાં ચાલવા લાગ્યા. કઇ દિશા તરફ?

(૧) દક્ષિણ (૨) પશ્ચિમ (૩) ઉત્તર (૪) અંતરની વિગતો વગર કહી ન શકાય

૭૩. એક ધનિક પાસે જેટલા લાખ રૂપિયા છે તેને બમણા કરી તેમાં પાંચ લાખ રૂપિયા ઉમેરીએ, તો ૮મી જુલાઇ પછી જુલાઇના બાકી રહેતા દિવસો જેટલા લાખ રૂપિયા થાય, તો તેની પાસે કેટલા લાખ રૂપિયા હશે?

(૧) ૯.૫ (૨) ૯ (૩) ૧૪ (૪) ૧૦

૭૪. મારો નાનો ભાઇ એક વર્ષનો થયો ત્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં સાત ગણી હતી. જ્યારે મારી ઉંમર તેની ઉંમર કરતાં બમણી થાય ત્યારે તેની ઉંમર કેટલી હશે?

(૧) ૫ (૨) ૬ (૩) ૭ (૪) ૮

૭૫. ઇન્ટરનેટ દ્વારા ટપાલ મોકલાય તેને શું કહેવાય?

(૧) સ્પીડ પોસ્ટ (૨) કુરિયર મેઇલ (૩) ઇ-મેઇલ (૪) ફેક્સ

૭૬. આમાં લીલા વૃક્ષો કપાતાં અટકાવવાની ચળવળ કઇ?

(૧) **ચિપકો આંદોલન** (૨) નર્મદા બચાવો આંદોલન

(૩) તહેરી બંધ આંદોલન (૪) આમાનું કોઇ નહિ

૭૭. ભારતમાં કેસરની ખેતી કયાં થાય છે?

(૧) ઉત્તરપ્રદેશ (૨) કર્ણાટક (૩) ગુજરાત (૪) **જમ્મુ-કાશ્મીર**

૭૮. શરીરના સમતોલનની વિશેષ જવાબદારી કોની છે?

(૧) કરોડરજ્જુ (૨) **નાનું મગજ** (૩) હૃદય (૪) કાન

૭૯. વજન માપવાનો કમાન કાંટો વિજ્ઞાનના કયા નિયમ પર કામ કરે છે?

(૧) ઓહ્મનો નિયમ (૨) **હૂકનો નિયમ** (૩) ન્યૂટનનો નિયમ (૪) આર્કિમિડિઝનો નિયમ

૮૦. શુદ્ધ સોનું કેટલા કેરેટનું હોય છે?

(૧) સોળ (૨) બાવીસ (૩) **ચોવીસ** (૪) બાર

૮૧. ભારતના વૈજ્ઞાનિક ક્ષેત્રે 'અપ્સરા'નો સંબંધ કોની સાથે છે?

(૧) કૃત્રિમ ઉપગ્રહ (૨) મિસાઇલ (૩) **અણુ રીએક્ટર** (૪) રોકેટ

૮૨. કઇ દવાના અતિ સેવનથી જઠરમાંથી રક્તસ્ત્રાવ થાય અને હૃદય બંધ થાય તેટલી હદે નુકસાન થવા સંભવ છે?

(૧) પેનિસિલિન (૨) ક્લોરોમાઇસેટિન (૩) સ્ટેરોઇડ (૪) **ક્વિનાઇન**

૮૩. A, B, C અને D એમ ચાર વ્યક્તિઓ એકબીજાની પાછળ, પણ એ ક્રમમાં નહિ, ઊભી છે. D વ્યક્તિ C અને A થી આગળ છે. B વ્યક્તિ C ની તરત જ પાછળ છે. A વ્યક્તિ B ની આગળ છે. તો તે કયા ક્રમમાં ઉભા હશે?

(૧) ABCD (૨) ABDC (૩) **DACB** (૪) DCAB

૮૪. અવાજની તીવ્રતા માપવા માટે કયો આંક વપરાય છે?

(૧) રીક્ટર (૨) **ડેસિબલ** (૩) સેન્ટિગ્રેડ (૪) હર્ટ્ઝ

૮૫. ન્યૂક્લિયર પાવર એકમમાં કયું બળતણ વપરાય?

(૧) કેલ્શિયમ (૨) કોલસો (૩) સી.એન.જી. (૪) **યુરેનિયમ**

૮૬. કુટુંબ નિયોજન માટે કઇ બાબત સંબંધ ધરાવે છે?

(૧) કેમોથેરપી (૨) બાયોસ્કોપ (૩) **લેપ્રોસ્કોપી** (૪) સ્ટેથોસ્કોપ

૮૭. ડાયાલીસિસની સારવાર કયા દર્દમાં અપાય?

(૧) હૃદયના (૨) **કિડનીના** (૩) ડાયાબીટીસના (૩) કમળાના

૮૮. પાણી કયાં બે તત્ત્વોનું બનેલું છે?

(૧) **હાઇડ્રોજન, ઓક્સિજન** (૨) હાઇડ્રોજન, નાઇટ્રોજન

(૩) હાઇડ્રોજન, કાર્બન (૪) ઓક્સિજન, કાર્બન

૮૯. લોહીમાં શર્કરાનું નિયમન કોણ કરે છે?

(૧) થાઇરોઇડ (૨) શ્વેતકણ (૩) **ઇન્સ્યુલિન** (૪) હિમોગ્લોબીન

૯૦. પ્લેગનો રોગ શાનાથી ફેલાય છે?

(૧) **ચાંચડ** (૨) માખી (૩) મચ્છર (૪) તીડ

૯૧. લંબાઇના માપનાં એકમોમાં નીચેનું કોણ અસંગત છે?

(૧) મીટર (૨) **લિટર** (૩) ફૂટ (૪) માઇલ

૯૨. ન્યુમોનિયાનો રોગ કોની સાથે સંબંધ ધરાવે છે?

(૧) ચામડી (૨) **ફેફસાં** (૩) હૃદય (૪) કિડની

૯૩. ઘરેલુ વીજવપરાશનું એકમ કયું?

(૧) વોટ (૨) વોલ્ટ (૩) **કિલોવોટ-અવર** (૪) કેલરી

૯૪. વેબસાઇટનો સંબંધ કયા ક્ષેત્ર સાથે છે?

(૧) ટેલિવિઝન (૨) રેડિયો (૩) **ઇન્ટરનેટ** (૪) પ્રિન્ટિંગ

૯૫. ગુજરાતની યુનિવર્સીટીના કયા કુલપતિએ 'ટેલ ઓફ ટુ યુનિવર્સીટીઝ' પુસ્તક લખ્યું છે?

(૧) નિરંજન દવે (૨) વી. આર. મહેતા (૩) **પી. સી. વૈદ્ય** (૪) એમ. એન. દેસાઇ

૯૬. ભારતના કયા વડાપ્રધાન લેખક/કવિ નથી?

(૧) પંડિત નહેરુ (૨) અટલ બિહારી વાજપેઇ (૩) **દેવેગોડા** (૪) વી. પી. સિંગ

૯૭. આમાં કયું નામ જૂથમાં બેસતું નથી?

(૧) ગોદરેજ (૨) બિરલા (૩) બજાજ (૪) **નિરમા**

૯૮. આમાં ઇન્ફર્મેશન ટેક્નોલોજી સાથે કોણ સંકળાયેલું નથી?

(૧) ઇન્ફોસિસ (૨) **ઇફ્કો** (૩) વિપ્રો (૪) નાસ્કોમ

૯૯. દેશના કયા રાજ્યમાં 'કલ્પસર' યોજનાની વિચારણા ચાલે છે?

(૧) મધ્યપ્રદેશ (૨) પ. બંગાળ (૩) **ગુજરાત** (૪) પંજાબ

૧૦૦. ભારત પાકિસ્તાન વચ્ચે છેલ્લામાં છેલ્લો મોટો સીમા સંઘર્ષ કઈ સરહદે થયો?

(૧) પશ્ચિમ બંગાળ (૨) રાજસ્થાન (૩) કચ્છ (૪) **કારગીલ**

૧૦૧. આમાં આધુનિક કોણ?

(૧) આનંદશંકર ધ્રુવ (૨) બ. ક. ઠાકોર (૩) **સીતાંશુ યશચંદ્ર** (૪) નરસિંહરાવ

૧૦૨. આમાં ગરીબ કોને કહેવાય?

(૧) દિન (૨) **દીન** (૩) વંચિત (૪) પછાત

૧૦૩. અમરકંટકમાંથી કઇ નદી નીકળે છે?

(૧) તાપી (૨) સાબરમતી (૩) **નર્મદા** (૪) મહી


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

૧૦૪. 'તૃણમુલ કોંગ્રેસ' કયા રાજ્યનો સ્થાનિક પક્ષ છે?

(૧) બિહાર (૨) ઉત્તરપ્રદેશ (૩) કર્ણાટક (૪) **પ. બંગાળ**

૧૦૫. વડાપ્રધાન તરીકે આઇ. કે. ગુજરાલ કોના અનુગામી બન્યા?

(૧) અટલબિહારી બાજપેઇ (૨) **દેવેગોડા** (૩) નરસિંહરાવ (૪) ચંદ્રશેખર

૧૦૬. કયો વેરો 'મૃત્યુ વેરા' તરીકે ઓળખાય છે?

(૧) આવકવેરો (૨) કસ્ટમ ડ્યુટી (૩) એક્સાઇઝ ડ્યુટી (૪) **એસ્ટેટ ડ્યુટી**

૧૦૭. તાપી નદી પર કઇ પરિયોજના છે?

(૧) મયુરાક્ષી (૨) **ઉકાઇ** (૩) નાગાર્જુન સાગર (૪) કાકરાપાર

૧૦૮. બાલ્કો પ્લાન્ટ કઇ ધાતુ અંગેનો છે?

(૧) પોલાદ (૨) **એલ્યુમિનિયમ** (૩) જસત (૪) તાંબુ

૧૦૯. આમાંના કોણ હંમેશા વિવાદાસ્પદ રહ્યા છે?

(૧) સતીશ ગુજરાલ (૨) **એમ. એફ. હુસેન** (૩) મૃણાલ સેન (૪) રવિશંકર રાવળ

૧૧૦. આમાં તબલાના ખેરખાં કોણ?

(૧) પંડિત રવિશંકર (૨) પંડિત જસરાજ (૩) **અલ્લારખાં ખાન** (૪) બિસમિલ્લા ખાન

૧૧૧. 'ભૂદાન યોજના' સાથે કયા મહાનુભાવનું નામ સાંકળીશું?

(૧) મહાત્મા ગાંધી (૨) જમનાલાલ બજાજ (૩) બાબા આમ્ટે (૪) **વિનોબા ભાવે**

૧૧૨. આમાં વિવાદાસ્પદ લેખક કોણ નથી?

(૧) ખુશવંતસિંઘ (૨) **આર. કે. નારાયણ** (૩) નિરદ ચૌધરી (૪) સલમાન રશ્દી

૧૧૩. આમાં સાહિત્યકાર/વિવેચક ન હોય તેવા કુલપતિ કોણ?

(૧) ઉમાશંકર જોષી (૨) **અનિલ કાણે** (૩) બળવંત જાની (૪) નરેશ વેદ

૧૧૪. 'દર્શક' નામની પ્રતિષ્ઠા કોના નામે જમા થાય છે?

(૧) ઝીણાભાઇ દેસાઇ (૨) રામનારાયણ પાઠક (૩) **મનુભાઇ પંચોળી** (૪) ગૌરીશંકર જોષી

૧૧૫. આમાં 'ભાતુ' કોને કહેવાય?

(૧) સિરામણ (૨) વાળુ (૩) **પાથેય** (૪) નાસ્તો

૧૧૬. એ બહાર છે, તેના કરતાં વિશેષ અંદર છે.

(૧) સુરત (૨) ઝાડ (૩) મકાન (૪) **આઇસબર્ગ**

૧૧૭. 'કસ્ટમ ડયુટી' એટલે?

(૧) કારખાનામાંથી બહાર નીકળતા માલ પર લેવાતો વેરો

(૨) બહારગામથી આવતા માલ પર લેવાથી જકાત

(૩) માલના વેચાણ વખતે લેવાતો કર

(૪) **પરદેશથી આયાત કરેલા માલ પરની ડયુટી**


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

**૧૧૮. સૌથી મોટી સંખ્યા કઈ?**

(૧) ૦.૧ (૨) ૦.૦૧ (૩) ૧.૦ (૪) **૧.૨૧**

**૧૧૯. ભારતના રાષ્ટ્રપતિ બનવા માટે કઇ બાબત સાચી નથી?**

(૧) ભારતના નાગરિક હોવા જોઇએ (૨) **સરકારી કર્મચારી હોવા જોઇએ**

(૩) ૩૫ વર્ષથી વધુ ઉંમર હોય (૪) સંસદ સભ્ય ન હોય

**૧૨૦. ભારતનાં પહેલાં મહિલા રાષ્ટ્રપતિ કોણ?**

(૧) ઇન્દિરા ગાંધી (૨) નઝમા હેપતુલ્લા (૩) સુચેતા કૃપલાણી (૪) **આમાંથી કોઇ નહિ**

**૧૨૧. આમાં કેન્દ્રશાસિત પ્રદેશ કયો છે?**

(૧) **પુડુચેરી** (૨) દમણ-દીવ (૩) છત્તીસગઢ (૪) ઉત્તરાંચલ

**૧૨૨. ગુજરાતમાં માતૃશ્રાદ્ધ માટે કયું સ્થળ જાણીતું છે?**

(૧) પ્રભાસપાટણ (૨) **સિદ્ધપુર** (૩) ચાણોદ (૪) દ્વારકા

**૧૨૩. ગુજરાતનો આ નવો જીલ્લો છે?**

(૧) ગાંધીનગર (૨) ડાંગ (૩) **પાટણ** (૪) ભાવનગર

**૧૨૪. નળ સરોવર અહીં આવેલું છે.**

(૧) ચરોતર (૨) **ભાલ પ્રદેશ** (૩) કચ્છ (૪) આહવા

**૧૨૫. 'ભારેલો અગ્નિ'ના લેખક કોણ છે?**

(૧) **રમણલાલ દેસાઇ** (૨) ઝવેરચંદ મેઘાણી (૩) રઘુવીર ચૌધરી (૪) પ્રિયકાન્ત પરીખ

**૧૨૬. 'આંગળિયાત'ના લેખક કોણ છે?**

(૧) અશ્વિની ભટ્ટ (૨) પન્નાલાલ પટેલ (૩) **જોસેફ મેકવાન** (૪) ઇશ્વર પેટલીકર

**૧૨૭. આમાં વર્ગભેદ કોણ કરે છે?**

(૧) ગ્રામ (૨) કિલોગ્રામ (૩) મિલિગ્રામ (૪) **ટેલિગ્રામ**

**૧૨૮. આમાં કોણ બહુમતી જૂથની બહારનું છે?**

(૧) **કોડિયું** (૨) બલ્બ (૩) ફાનસ (૪) મીણબત્તી

**૧૨૯. કોણ જુદું તરી આવે છે?**

(૧) ઢોલક (૨) **હારમોનિયમ** (૩) તબલાં (૪) નગારું

**૧૩૦. આમાં 'અનુગામી'નો વિરુદ્ધ કોણ છે?**

(૧) **પુરોગામી** (૨) હંગામી (૩) અધોગામી (૪) ઉર્ધ્વગામી

**૧૩૧. આમાં 'જણસ'નું સમાનાર્થી કોણ?**

(૧) માણસ (૨) પ્રેત (૩) **ચીજ** (૪) જડ

**૧૩૨. 'સ્પષ્ટ'ની વિરુદ્ધમાં કોણ બેઠું છે?**

(૧) વિસ્તૃત (૨) સંક્ષિપ્ત (૩) **સંદિગ્ધ** (૪) જુદું



Crack GPSC

૧૩૩. શિવ આ નામે ઓળખાતા નથી.

(૧) મહાદેવ (૨) શંકર (૩) ધૂર્જટિ (૪) **નારાયણ**

૧૩૪. તે સૂર્યનો પુત્ર છે, એમ પુરાણો કહે છે.

(૧) બુધ (૨) મંગળ (૩) ગુરુ (૪) **શનિ**

૧૩૫. આમાં નૃત્ય સાથે કોણ સંકળાયેલું ન ગણાય?

(૧) **જયશંકર સુંદરી** (૨) મૃણાલિની સારાભાઇ (૩) મલ્લિકા સારાભાઇ (૪) સ્મિતા શાસ્ત્રી

૧૩૬. આમાં હાસ્યકાર કોણ નથી?

(૧) વિનોદ ભટ્ટ (૨) બકુલ ત્રિપાઠી (૩) અશોક દવે (૪) **રમણલાલ જોષી**

૧૩૭. 'આર્ટ ઓફ લિવિંગ'ના પ્રણેતા કોણ?

(૧) અમૃતાનંદમયી દેવી (૨) અનંતાનંદતીર્થ (૩) રજનીશ (૪) **શ્રી શ્રી રવિશંકર**

૧૩૮. "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ" પંક્તિ ગવાતાં કયા કવિને યાદ કરશો?

(૧) ન્હાનાલાલ (૨) દલપતરામ (૩) ખબરદાર (૪) **બોટાદકર**

૧૩૯. "છેલ્લો કટોરો આ ઝેરનો બાપુ…" કોણે ગાયું?

(૧) **ઝવેરચંદ મેઘાણી** (૨) દુલાભાયા કાગ (૩) ઉમાશંકર જોષી (૪) કાન્ત

૧૪૦. જી.પી.એસ.સી. એટલે પ્રચલિત સમજમાં?

(૧) ગુજરાત પ્રાયમરી એન્ડ સેકન્ડરી સર્ટિફિકેટ (૨) ગુજરાત પોલ્યુશન સ્ટેટ કંટ્રોલ

(૩) **ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન** (૪) જનરલ પોલીસ સિલેકશન કમિટી

Crack GPSC

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી

**Quality** એટલે

**Crack GPSC**

## ઘરે બેઠાં તૈયારી કરો, મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી ફ્રી ડેમો વિડિયો જુઓ, આપને ખરેખર લાગશે કે કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

ક્રેક GPSC